તાના-રીરી મહોત્સવ સમાપન સમારંભ

ગુજરાતને કલા સંસ્કૃતિક ક્ષેત્રે પણ અગ્રેસર રાખવાની પ્રતિબધ્ધતા

વડનગર, તા.૧૧

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વતનભુમિ વડનગરમાં તાના-રીરી સંગીત સમારોહનું સમાપન કરતા ભારતીય સંગીત સંસ્કૃતિની મહત્તાવર્ણવતા સ્પષ્ટપણે જણાવ્યું કે આપણુ? હિન્દુસ્તાની સંગીત મનને ડોલાવાનારૂ સંગીત છે.

ઈશ્વરની સાધના-આરાધનાના તાદાત્મ્યનું અદકેરૂ માધ્યમ સંગીત છે.તેનું ગૌરવ આપણે લઇ શકીએ છીએ તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ગુજરાતને માત્ર ઔધોગિક કે આર્થિક ક્ષેત્રે જ નહી કલા સંસ્કૃતિક ક્ષેત્રે પણ અગ્રેસર રાખવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી

મુખ્યમંત્રીશ્રીએ રાજય સરકાર દ્વારા દર વર્ષે શાસ્ત્રીય ગાયન-વાદન ક્ષેત્રે પ્રતિષ્ઠા પ્રાપ્ત સંગીતજ્ઞોને તાના-રીરી પુરસ્કાર એનાયત કરવામાં આવે છે તે શ્રુંખલામાં આ વર્ષનો તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ સર્વશ્રી સુશ્રી વિદૂષી મંજુબહેન મહેતા અમદાવાદ તેમજ ડો.લલીતા રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કલા,સાહિત્ય,સંગીત રાજયની આગવી પહેચાન બને તે માટેની પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સંકલ્પના વાંચે ગુજરાત,ખેલ મહાકુંભ,ઉત્તરાર્ધ મહોત્સવ જેવા ઉત્સવોથી સાકાર કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું. હતું કે ગીત-સંગીત કોઇ દરબાર માટે નથી પણ ભક્તિ અને તપ છે. સંગીતના આદરભાવ માટે જીવન ખપાવી દઇને તાના-રીરીએ સંગીત સાધના ક્ષેત્રે નારી શકિતના યોગદાનની પરંપરા બક્ષી છે.

વિજયભાઇ રૂપાણીએ કલા,સંસ્કૃતિ અને સંગીત વિશ્વમાં ઉંચાઇની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરનારી વડનગરની બે નાગર કન્યાઓની સ્મૃતિ ચિરંજીવ રાખવા યોજાતા આ તાના-રીરી સંગીત સમારોહને આવનારા વર્ષોમાં નવી ઉંચાઇ આપવાની નેમ વ્યક્ત કરી હતી.

તલોદ પાલિકામાં વિરોક્ષ પક્ષના કોંગ્રેસી નેતા તરીકે રંગુસિંહ સોલંકીની વરણી

તલોદ, તા. ૧૦

તલોદ પાલિકામાં વોર્ડ નં. ૩ની તાજેતરમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપમાંથી પાલિકાના પ્રમુખના પતિ દામોદરદાસ પટેલે ઉમેદવારી કરી હતી. જ્યારે કોંગ્રેસમાંથી પૂર્વ પાલિકા પ્રમુખ રંગુસિંહ સોલંકીએ ઉમેદવારી કરતા ચૂંટણી જંગ જામ્યો હતો. રસાકસીભર્યા આવા વાતાવરણમાં અને રાજ્યકક્ષાના નેતાઓની મેલી મુરાદોને પણ ધ્વંશ કરતા જંગી બહુમતીથી રંગુસિંહ સોલંકી કોંગ્રેસી પંજાને વિજયી બનાવ્યો હતો. જેની રાજ્યકક્ષાએ કોંગ્રેસી મોવડીમંજળ નોંધ લેતા પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની ભલામણથી સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ વિપુલભાઈ પટેલ તથા પ્રાંતિજ તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયાએ તલોદ પાલિકાના વિરોધપક્ષના નેતા તરીકે વરણી કરવામાં આવી હતી. સોલંકીની સતત ત્રણ ટર્મથી પાલિકા પ્રમુખ તરીકેનો બહોળો અનુભવ તેમજ કોંગ્રેસ પક્ષના સંગઠનમાં આગવી ઓળખ ધરાવનારની કોંગ્રેસ દ્વારા નોંધ પણ લેવાઈ છે.

આગામી તલોદ પાલિકાની ચૂંટણીમાં રંગુસિંહ સોલંકીના નેતૃત્વમાં પ્રમુખપદ તરીકે જમાવટ કરશે તેવી તલોદ પાલિકાના નગરજનો અને કોંગ્રેસી હોદેદારોએ આશા વ્યક્ત કરી હતી. વિરોધ પક્ષના નેતા તરીકે રંગુસિંહ સોલંકીને સુકાન સોંપાતા લારી ગલ્લાવાળાથી માંડીને વેપારી આલમમાં આનંદ છવાઈ જતા આતશબાજી સાથે મોં મીઠું કરાવી સૌ કોઈ અગ્રણી આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા. વરણીને આવકારતા સોલંકીએ કોંગ્રેસ પક્ષ અને તલોદ પાલિકાનો થંભી ગયેલો વિકાસ આગળ ધપાવવા વિશ્વાસ આપ્યો હતો અને નાના-મોટા લારીગલ્લાવાળાનો કેટલાય સમયથી ધંધાકિય સળવતો પ્રશ્ન આ પ્રસંગે કાયમી ધોરણે ઉકેલવા પણ જણાવ્યું હતું.

બોલુન્દ્રાની દલિત યુવતીની હત્યા કે આત્મહત્યા ? ઘુંટાતુ રહસ્ય

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની દલિત યુવતી તેની બહેનપણી સાથે મોડાસા એકટીવા લઈને મંગળવારે બપોરે ઘરેથી નિકળ્યા બાદ તેની બહેનપણીને એકટીવા જિલ્લા સેવા સદન નજીક આપી કોઈ અજાણ્યા યુવકની સાથે ગયા બાદ બુધવારે બપોરે તેનો મૃતદેહ મોડાસા તાલુકાના શેરાપુરા કંપાના તળાવમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ હતી. અજાણી યુવતીનો મૃતદેહ તળાવના કિનારે પડ્યો હોવાના સમાચાર આજુબાજુના પંથકમાં ફેલાતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા રૂરલ પોલીસને આ ઘટનાની જાણ થતા ઘટના સ્થળે ધસી જી યુવતીનો મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી તેના પરિવારજનોની શોધખોળ હાથ ધરી મૃતક યુવતિનું પી.એમ. કરાવી તેના પરિવારજનોનો મૃતદેહ સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધારભૂત સુત્રો જણાવ્યા મુજબ મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની શિતલબેન કનુભાઈ વણકર (ઉં.વ. આશરે ૨૪) તેના ઘરેથી મંગળવારે બપોરે તેની સહેલી સાથે એકટીવા સ્કૂટર લઈ મોડાસા જિલ્લા સેવા સદન પહોંચી હતી. ત્યાર બાદ અજાણ્યો યુવક તેને મળવા આવતા મૃતક યુવતી તેની બહેનપણીને એકટીવા આપી તે અજાણ્યા યુવક સાથે ક્યાંક ગઈ હતી. તેની બહેનપણી ઘરે પરત ફરી હતી. ત્યારબાદ બુધવારે બપોરે મોડાસા તાલુકાના શેરાપુરકંપાથી મુલોજ તરફ જવાના માર્ગ પર આવેલા તળાવમાંથી દલિત યુવતીનો મૃતદેહ મળી આવતા યુવતીએ આત્મહત્યા કરી કે પછી યુવતિની હત્યા કરી હત્યારાઓ કે હત્યારો તેનો મૃતદેહને તળાવના કિનારે ફેંકી ફરાર થઈ ગયો ? તે અંગે રહસ્ય ઘુંટાયુ છે. અજાણી યુવતીનો મૃતદેહ મળી આવતા મુલોજ પંથકમાં હાહાકાર મચ્યો હતો. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા પીએસઆઈ સગર તથા સ્ટાફ ઘટનાસ્થળે ધસી જઈ મૃતક યુવતીનો મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની તજવીજ હાથ ધરી હતી.

મોડાસાના શેરાપુરકંપા નજીકના તળાવમાંથી યુવતિનો મૃતદેહ મળી આવ્યો : પોલીસ દ્વારા પીએમની તજવીજ હાથ ધરાઈ

ધનસુરા અને મોડાસા તાલુકામાં ખાસ મરામતના કામો માટે ૭૫ લાખ મંજુર કરાયા

મોડાસા તા.૧૧

અરવલ્લી જિલ્લામાં રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્વ ધારાસભ્યની રજૂઆતના ફળસ્વરૂપે ધનસુરા અને મોડાસા તાલુકામાં ખાસ મરામતના કામો માટે ૭૫ લાખ મંજુર કરવામાં આવતા વિસ્તારોના સ્થાનિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

રાજ્યના નાયબ મુખ્ય મંત્રી અને બાંધકામ વિભાગનો હવાલો ધરાવનાર નીતિનભાઈ પટેલના મંજૂરીપત્ર અનુસાર મોડાસાના પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારે કરેલી બંને તાલુકાઓના રાહીશોની રસ્તાની સમસ્યાને ધ્યાને લઈ ખાસ મરામતના જે કામો મંજુર કરાયા તેમાં ધનસુરના બે અને મોડાસાના એક માર્ગને આવરી લેવાયો છે.

જેમાં ધનસુરાના બે રસ્તાઓમાં ગુજેરી નેસડાથી રાહીયોલ ગુજેરીના ૦.૮૦ કીમિ રોડ ઉપર માટીકામ અને ૩.૭૫ મેટલકામ,ડામરકામ,રોડ ફર્નિશિંગ,નાળા પ્રોટેકશન વોલ વગેરે કામો માટે રૂ.૨૯ લાખની રકમ મંજુર કરવામાં આવી છે.

ધનસુરાના બે અને મોડાસાના એક માર્ગને મંજુર કરી ખાતા દ્વારા જોબ નંબર પણ ફાળવી દેવાયા

જયારે ધનસુરા તાલુકાનો બરનોલીના બાવાના મઠથી આકોડિયાના મુવાડાના રોડ ઉપર માટીકામ અને ૩.૭૫ મેટલકામ,ડામરકામ,રોડ ફર્નિશિંગ,નાળા પ્રોટેકશન વોલ વગેરે કામો માટે રૂ.૨૯ લાખની રકમ મંજુર કરવામાં આવી છે.

આ ઉપરાંત મોડાસા માલપુર રોડ સાકરિયા છાપરા રોડ(૦.૬૦ કિ.મી)માટે રૂ.૧૭ લાખ મંજુર કરાયા છે.જેમાં માટીકામ અને ૩.૭૫ની પહોળાઈ ઉપર મેટલકામ, ડામરકામ, રોડ ફર્નિશિંગ, નાળા પ્રોટેકશન વોલ વગેરે કામો હાથ ધરાશે.

ત્રણેય કામોના જોબ નંબર પણ આપી દેવાયા હોઈ આ ખાસ મરામતના કામો તાત્કાલિક હાથ ધરાશે તેમ પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારે વધુમાં જણાવ્યું હતું.

કોંગ્રેસ મહિલા ઉમેદવારે ફોર્મ ભર્યું

પ્રાંતિજમાં નગરપાલિકામાં ખાલી પડેલ કોર્પોરેટરની જગ્યા માટે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા માં વોર્ડ નંબર- ૬ અને વોર્ડ નંબર ૦૪ માં ખાલી પડેલ કોર્પોરેટરો ની જગ્યા માટે કોગ્રેસ દ્વારા વોર્ડ નંબર- ૬ માં મહિલા ઉમેદવાર ને ટીકીટ આપતાં કોગ્રેસ મહિલા ઉમેદવાર દ્વારા કોંગ્રેસ કાર્યકરો ની ઉપસ્થિતિમાં ઉમેદવારી ફોર્મ ભર્યું.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા માં કોર્પોરેટરો ની ખાલી પડેલ વોર્ડ નંબર- ૬ અને વોર્ડ નંબર- ૪ ની ચુંટણી તા. ૨૭/૧૧/૨૦૧૬ ના રોજ યોજાનાર છે જેમાં વોર્ડ નંબર- ૬ આ વખતે સામાન્ય સીટ સ્ત્રી હોવાથી કોંગ્રેસ દ્વારા રોઠોડ સીતાબેન જગતસિંહ ને મેન્ડેટ આપતાં પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે પ્રાંતિજ- તલોદ ના પ્રાંન્ત અધિકારી અને ચુંટણી અધિકારી એ.આર.ચૌધરી ને પોતાનું ઉમેદવારી ફોર્મ ભરીને આપ્યું હતું જયારે પ્રસંગે પ્રાંતિજ - તલોદ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ અમરીભાઇ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, રેખાબેન, ભરતભાઈ સોલંકી, દર્શનભાઈ સહિત કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું હતું . જયારે નગરપાલિક પેટાચુંટણી ની ફોર્મ ભરવાની છેલ્લે તારીખ ૧૩/૧૧/૨૦૧૬ અને ઉમેદવારી ફોર્મ પરત ખેંચવામાટે તારીખ ૧૬/૧૧/૨૦૧૬ છે અને ચુંટણી ૨૭/૧૧/૨૦૧૬ ના રોજ ચુંટણી અધિકારી એ.આર.ચૌધરી ના અધ્યક્શતામાં યોજાશે.

મોડાસાના ખુમાપુર નજીક બાઈક સામ સામે અથડાતા સિંચાઈ વિભાગના કર્મચારીનું ઘટના સ્થળે મોત

મોડાસા, તા. ૧૧

મોડાસા-હિંમતનગર રાજ્યધોરીમાર્ગ પર આવેલા ખુમાપુર ગામ પાટીયા નજીક શુક્રવારે સવારના સમયે વાંટડા ગામના અને મોડાસા સીંચાઈ વિભાગમાં નોકરી કરતા આધેડની બાઈકને અન્ય બાઈક સવારે અડફેટે લેતા રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કર્મચારીનું ઘટનાસ્થળે મોત નિપજતા સમગ્ર પંથકમાં શોક મગ્ન બન્યો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે બાઈક ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજવાનો ગુન્હો નોંધી અન્ય ફરાર બાઈક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના વાંટડા ગામના રહીશ અને મોડાસાની સિંચાઈ વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા ધુળસીંહ રામસીંહ ચૌહાણ (ઉં.વ. ૫૨) શુક્રવારે સવારે તેમની બાઈક (ગાડી નં. જીજે૦.૯-સી-જી-૬૬૪૪) લઈને મોડાસા નોકરીના સ્થળે જવા નિકળ્યા હતા ઘરેથી માંડ ત્રણ કિલોમીટર ખુમાપુર પાટીયા નજીક પહોચ્યા ત્યારે સામેથી યમદૂત બનીને આવી રહેલ મોટર સાયકલ (ગાડી નં. જીજે૩૧.સી.૬૯૧૬)ના ચાલકે તેના કબ્જા હેઠળની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી અથડાવી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સીંચાઈ વિભાગના કર્મચારી બાઈક પરથી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર મળે તે પહેલા કમકમાટીભર્યુ મોત નિપજતા હાહાકાર મચી ગયો હતો. અકસ્માત સર્જી બાઈકચાલક બાઈક તેની ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન સ્ટેશને જાણ કરતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે ધસી આવી મૃતકના મૃતદેહને પીએમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંટડાના રહીશનું ખુમાપુર પાટીયા નજીક બાઈક અકસ્માતમાં મોત નિપજતા સમગ્ર પંથક અને સિંચાઈ વિભાગમાં ગમગીની છવાઈ હતી. મોડાસા રૂરલ પોલીસે નવનીતસીંહ અમૃતસીંહ ચૌહાણ (રહે. વાંટડા)ની ફરિયાદના આધારે મોટર સાયકલ નં. જીજે૩૧સીક૯૧૬ના બાઈક ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર બાઈક ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધાનેરા વિસ્તારોમાં ચાલતો લીલા વૃક્ષો કટીંગનો કાળો ધંધો

ધાનેરા, તા. ૧૦

ધાનેરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી લીલા વૃક્ષોનું નીકંદન નીકાળવાનો કાળો ધંધો ચાલી રહ્યો છે. સ્થાનિક તંત્રના અધિકારીઓ ગાંધી છાપ જોઈ બેસી જાય છે. ત્યારે ધાનેરાના લોકો જણાવી રહ્યા છે કે જિલ્લાના દયાવાન કલેક્ટર જેનુ દેવન આ બાબતે તટસ્થ તપાસ કરાવે તો કેટલાક હમ્બાખાઉ અધિકારી ઘર ભેગા થાય તો બીજી તરફ આ કાળો કારોબાર ચલાવનાર લોકો ખુલ્લી ચેલેન્જ આપી રહ્યા છે કે તંત્ર અમારૂ કઈજ બગાડી શકે નહિ... ત્યારે હવે લોકો કહી રહ્યા છે કે તંત્રને ચેલેન્જ ફેંકનારની શાન જિલ્લાના કલેક્ટર ઠેકાણે લાવે અને તંત્રની આબરૂ બચાવે.

જિલ્લા કલેકટર તપાસનો આદેશ કરી વૃક્ષોને બચાવે : લોકોની માંગ

પ્રાંતિજ ખાતે ગોપાષ્ટમી અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે વિશ્વ હિંદુપરીષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનું ગૌશાળા ખાતે ગોપાષ્મી અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મંહત સુનિલદાસ મહારાજે હાજર રહ્યાં હતાં અને ગોપાષ્મી નું મહત્વ તેમજ ગૌપુજા વિશેની વિશીષ્ઠ માહિતી માહિતી આપી હતી જયારે આ પ્રસંગે કાર્યક્રમમાં સંગઠન મંત્રી લાલભાઈ કડીયા અને જિલ્લા મંત્રી નટુભાઈ બારોટ, જિલ્લા ઉપાધ્યક્ષ ગોવિદભાઈ પટેલ, જિલ્લા બજરંગ દળ સંયોજક મેહુલભાઈ પટેલ પ્રખંડ પ્રમુખ સરદારસિંહ અને રસિકભાઈ વાઘેલા સહિત આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મોડાસા શહેરમાં એટીએમ મશીનો પર લોકોએ દોટ મુકી

ગુરૂવારથી રૂ. ૫૦૦-૧૦૦૦ની નવી નોટોનું વિતરણ શરૂ કરવામાં આવતા રાજ્યભરની બેંકો-પોસ્ટ ઓફિસો પર લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. ૫૦૦ રૂ. ૧૦૦૦ રૂ.ની નોટો પરના પ્રતિબંધ બાદ બે દિવસ સુધી એટીએમ બંધ રહ્યા બાદ બે દિવસ સુધી એટીએમ બંધ રહ્યા બાદ શુક્રવારે એટીએમ મશીનો શરૂ થતા અરવલ્લી જિલ્લા તેમજ મુખ્યમથક મોડાસા શહેરમાં વિવિધ બેંકોના એટીએમ મશીન પર ભારે ભીડ ઉમટી પડી હતી. મોડાસાના એટીએમ મશીનો પર ભારે ધસારાના પગલે વારંવાર ખોટકાઈ જવાની ઘટના તેમજ એટીએમ મશીનમાંથી રૂપિયા ન નીકળવાની ઘટનાથી પ્રજાજનોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. મોડાસાની આઈ.સી.આઈ.સી.આઈ. બેંક તેમજ કેનારા બેંકના એટીએમ બપોર સુધી બંધ હાલતમાં જણાતા બન્ને બેંકમાં એકાઉન્ટ ધરાવતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. એટીએમ મશીનમાંથી રૂ. ૨૦૦૦ નીકળતા એટીએમ ધારક ખુશખુશાલ જોવા મળ્યા હતા. જ્યારે કેટલાક એટીએમ ધારકોને અગમ્ય કારણોસર રૂપિયા ન નીકળતા 'કહી ખુશી કહી ગમ' જેવો માહોલ પેદા થયો હતો.

શ્રી અર્બુદા આંજણા સમાજ સેવા મંડળ શામળાજી પ્રદેશનું સ્નેહમિલન યોજાયું

શામળાજી, તા. ૧૧

શ્રી અર્બુદા આંજણા સમાજ સેવા મંડળ, શામળાજી પ્રદેશની ૧૭મી વાર્ષિક સાધારણ સભા અને નૂતન વર્ષનું સ્નેહ સંમેલન ખોડંબા ગામે યોજાયું. જેમાં ઉદ્ઘાટક બી.એન. પટેલ, નાયબ કલેકટર, અમદાવાદ, મુખ્ય મહેમાન અરૂણભાઈ પટેલ મંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, અતિથિ વિશેષ આર.એન. પટેલ ઈન્ચાર્જ ટીડીઓ, ભિલોડા, પંકજભાઈ પટેલ ડિરેકટર, સા.કાં. બેન્ક ઉપસ્થિત રહ્યા હતા. મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનું ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ નોકરીમાં નવી નિમણૂંક પામેલ થતા નિવૃત્ત થતા સમાજ બંધુઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના વરદહસ્તો સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ઉમાભાઈ મંત્રીશ્રી મકનાભાઈ, વિનુભાઈ, આર.એમ. પટેલ વગેરે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.ડી. પટેલે કર્યું હતું.